અપીલ અરજી નં.૧૭૦ તા.૧૭–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ ની અરજીથી નવસારી બજાર ચાર રસ્તા પર ચાલતી ફટાકડાની દુકાનનું નવું બાંધકામ થયું છે તે બાબત ગેરકાયદે બાંધકામ કરેલ હોવાની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ ની અરજીથી નવસારી બજાર ચાર રસ્તા પર ચાલતી ફટાકડાની દુકાનનું નવું બાંધકામ થયું છે તે બાબત ગેરકાયદે બાંધકામ કરેલ હોવાની માહિતી આપવા બાબતે ગેરકાયદે બાંધકામની સાચી માહિતી પૂરી પાડેલ ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૬૭૪ તા.૯–૯–૦૮ ના પ્રતિભાવથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૦ તા.૨૨–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આ.નં.૮૦૯ તા.૬–૧૦–૦૮ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે મુળ અરજીમાં નવસારી બજાર ચાર રસ્તા પર ચાલતી ફટાકડાની દુકાનનું નવું બાંધકામ થયું છે તે બાબત ગેરકાયદેસર બાંધકામ કરેલ હોવાની રજુઆત કરેલ છે. જેની સામે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નવું બાંધકામ થયેલ નથી. પરંતુ મિલ્કતના ઉત્તર ભાગે લાગુ લાઈનદોરીની અસરવાળો ભાગ છોડી દઈ અગાઉ રીપેરીંગ કર્યાનું જણાય છે. આમ અરજદારનો પ્રશ્ન અને આપેલ માહિતીમાં તફાવત જણાય છે. જે અપીલનું કારણ છે. અરજદારે માત્ર મુદ્દા નં.૨ પૂરતી અપીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અપીલમાં અરજદારની રજૂઆત અનેજાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં તફાવત જણાતા અરજદાર ઈચ્છુક હોય તો કચેરીના ચાલુ સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી સદરહુ ફાઈલને લગતું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર દિન–૭ માં કરી શકે છે. અરજદારની તેવી રજૂઆત મળ્યેથી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર